નોવેલ કોરોના વાઇરસ (Covid-19) ના સંક્રમણને ધ્યાને લઇ શિક્ષણ વિભાગ અને તે હેઠળની ખાતાના વડાની કચેરીઓ ચાલુ રાખવા બાબત.

**ગુજરાત સરકાર**

શિક્ષણ વિભાગ

પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૧૨૦૨૦/૧૫૧(૨)વ.૨/ફ

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૧૭.૦૪.૨૦૨૦.

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૪.૦૩.૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંક : પરચ/૧૧૦૨૦૨૦/૧૫૧(૨)વ.૨/ફ

(૨) સા.વ.વિભાગનો તા.૧૬.૦૪.૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ.

<u>પરિપત્ર:</u>

રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસના સંક્રમણની સ્થિતી ધ્યાને લઇ સા.વ.વિભાગ દ્વારા તા.૧૬.૦૪.૨૦૨૦ ના વંચાણમાં લીધેલ પરિપત્રથી રાજ્ય સરકારની કચેરીઓ તા.૨૦.૦૪.૨૦૨૦ થી તા.૦૩.૦૫.૨૦૨૦ સુધી સામાજિક અંતર [Social Distance] જાળવીને ચાલુ રાખવા બાબતે આપવામાં આવેલ સૂચનાઓ અન્વયે શિક્ષણ વિભાગ અને તે હેઠળના ખાતાના વડાની કચેરીઓ ચાલુ રાખવા બાબતે આથી નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવે છે :

(૧) શિક્ષણ વિભાગના વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીઓએ આ દિવસો દરમ્યાન કચેરીએ ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૨) વિભાગના નાયબ સેકશન અધિકારીઓ તેમજ અન્ય વર્ગ-૩ ના કર્મચારીઓની હાજરી બાબતે વિચારતાં વિભાગમાં નાયબ સેકશન અધિકારીઓની ૬૦% જગ્યાઓ ભરેલી છે. આથી જે તે શાખાના સેકશન અધિકારી પોતાની શાખાની જરૂરીયાત મુજબ નાયબ સેકશન અધિકારીઓને તેમજ શાખાના અન્ય વર્ગ-૩ના કર્મચારીઓને એક દિવસનો અંતરાલ આપીને વારાફરતી બોલાવી શકશે. આ માટે શાખામાં રોસ્ટર રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૩) શિક્ષણ વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ/બૉર્ડ/મંડળ ની કચેરીઓ તા.૨૦.૦૪.૨૦૨૦ થી તા.૦૩.૦૫.૨૦૨૦ સુધી ચાલુ રાખવા બાબતે સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલ તા.૧૬.૦૪.૨૦૨૦ ના પરિપત્રમાં ફકરા-૨(૧) ની વિગતે જે તે કચેરી/ખાતાના વડા નક્કી કરે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આ બાબતે જે તે કચેરીએ જરૂરી હુકમો કરી તેની નકલ વિભાગને મોકલી આપવાની રહેશે.

(૪) કચેરીઓ/કામના સ્થળો તથા અન્ય મહેકમોમાં સામાજિક અંતર રાખવા અંગેની સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલ તા.૧૬.૦૪.૨૦૨૦ ના પરિપત્ર સાથેના જોડાણ મુજબની ધોરણસરની કાર્યપધ્ધતિ [નકલ આ સાથે સામેલ રાખેલ છે] અચૂકપણે અપનાવવાની રહેશે.

(૫) અન્ય અધિકારી/કર્મચારીઓએ ઘરેથી કાર્ય (work from home) કરવાનું રહેશે તેમજ મોબાઇલ ફોન/ઇ-મેઇલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે. અનિવાર્ય સંજોગોમાં અથવા જ્યારે સૂચના આપવામાં આવે ત્યારે દરેક અધિકારી/કર્મચારીએ પોતાની કચેરીએ હાજર થઇ કામ કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.પી.મેનપરા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ : સામાજિક અંતર જાળવવાની ધોરણસરની કાર્યપધ્ધતિ.

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)નાં રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ્રા.શિ.અને મા.શિ.)નાં રહસ્ય સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેક્શન અધિકારીશ્રીઓ/નાયબ સેક્શન અધિકારીઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા તેમજ તમામ બૉર્ડ/પાઠ્ય પુસ્તક મંડળ.

# જોડાણ

**કચેરીઓ, કામના સ્થળોએ સામાજિક અંતર રાખવા માટેની ધોરણોસરની કાર્યપધ્ધતિ :**

(Standard Operating Procedure)

દરેક કચેરીએ નીચેના પગલાં મુજબ અમલવારી કરવાની રહેશે :

૧. કચેરીના હદ વિસ્તારમાં નીચેના સહિત તમામ વિસ્તારોને, શરીરને હાનિકારક ન હોય તેવા, ચેપરહિત બનાવે તેવા માધ્યમો વડે ચેપરહિત બનાવવાના રહેશે. આ કામગીરીમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થા / સત્તા મંડળની મદદ લઈ શકાશે.

ક. કચેરીનો પ્રવેશદ્વાર.

ખ. કાફેટેરિયા અને કેન્ટિન (ઉપાહાર ગૃહ)

ગ. બેઠકખંડ, પરિષદ ખંડો / ઉપલબ્ધ ખુલ્લો વિસ્તાર / વરંડા / સ્થળનું પ્રવેશદ્વાર, બંકરો (ભોંયરા),કેબિનો, મકાનો વગેરે.

ઘ. સાધન–સામગ્રી અને લિફ્ટ

ચ. શૌચાલય, વોશરૂમ, સિન્ક, પાણીના પોઈન્ટ્સ (નળ) વગેરે.

છ. દિવાલો/અન્ય તમામ સપાટીઓ.

૨. દરેક કચેરીના બધાં કર્મચારીઓએ કામના સ્થળે ફરજિયાતપણે માસ્ક / Face cover પહેરવાનું રહેશે.

૩. વિસ્તારમાં પ્રવેશતાં તમામ વાહનો અને યંત્રસામગ્રીને સ્પ્રે કરીને ચેપ રહિત બનાવવામાં આવશે.

૪. કામના સ્થળે પ્રવેશતાં અને ત્યાંથી વિદાય લેતાં દરેક વ્યક્તિનું ફરજિયાત થર્મલ સ્કેનિંગ કરવાનું રહેશે.

૫. પ્રવેશ તથા નિર્ગમન (બહાર જવા)ના તમામ સ્થળોએ અને સહિયારા ઉપયોગના વિસ્તારને, હાથ ધોવાની અને સેનેટાઈઝરની વ્યવસ્થા - સ્પર્શરહિત હોય તો વધુ સારુ - કરવાની રહેશે.

૬. ૫ અથવા વધુ વ્યક્તિઓ એક સ્થળે ભેગા ન થાય અથવા બેઠક ન કરે તે જોવાનું રહેશે. કામના સ્થળોએ અને બેઠકો તથા એકઠા થવાના સ્થળે અને તાલીમ સત્રોમાં બેઠકો વચ્ચે ઓછામાં ઓછા ૬ ફૂટનું અંતર રાખવાનું રહેશે.

૭. લિફ્ટ્સ અથવા હોઈટ્સમાં (lifts or hoists)૨/૪ વ્યક્તિઓ કરતા વધુ વ્યક્તિઓ (કદના આધારે)ને મુસાફરી કરવા દેવાશે નહિ.

૮. ચઢવા–ઉતરવા માટે દાદરના ઉપયોગને પ્રોત્સાહન આપવું.

૯. ગુટકા, તમાકુ, વગેરે પર સખ્ત પ્રતિબંધ મુકવો અને થૂંકવાની કડક મનાઈ ફરમાવવી.

૧૦. આસપાસના વિસ્તારમાં કોવિડ–૧૯ના દર્દીઓની સારવાર માટે અધિકૃત કરવામાં આવી હોય તેવી હોસ્પિટલો/ દવાખાનાની પરખ કરવી અને કામનાં સ્થળે તેમની યાદી હંમેશા ઉપલબ્ધ બનાવવી.